## અઠવા પો.સ્ટે.ના ચીટીંગના ગુનામા છેલ્લા ૨૨ વર્ષથી નાસતો ફરતો આરોપીને ઝડતી પાડતી ઝોન-૩ સ્કોડ, સુરત શહેર

સુરત શહેરમાં કાર્યરત ઝોન-૩ સ્કોડના ઇન્ચાર્જ પો.સ.ઇ. શ્રી કે.ડી.રાવલ તથા અ.હે.કો. અરવિંદભાઇ વાસુદેવભાઇ તથા અ.પો.કો. ગોરધનભાઇ જીવરાજભાઇ નાઓને તેઓના અંગત બાતમીદાર મારફતે સંયુકત રીતે બાતમી હકીકત મળેલ કે અઠવા પો.સ્ટે. I ગુ.ર.નં. ૮૦/૧૯૯૮ ઇ.પી.કો. કલમ ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૧૪, ૧૨૦(બી) મુજબના કામનો નસતો ફરતો તહો.નામે ગણપતલાલ દલીચંદ સાલેચા ઉ.વ.૭૧ ધંધો નિવૃત રહે, એ/૧૯૦, સરસ્વતી નગર બાસની જોધપુર (રાજસ્થાન) મુળ ગામ પદપાદરા જોધપુર રાજસ્થાન નાઓએ ખોટા ડ્રાફ્ટ બનાવી જાણતા હોવા છતા સાચા તરીકે ઉપયોગ કરી ગુનો આચરેલ છે. જે છેલ્લા ૨૨ વર્ષથી ઉતરોક્ત ગુનો કરી પોતાના વતન ચાલી ગયેલ અને અલગ અલગ રહેઠાણ બદલી નાસતો ફરતો હોય જે ઓલપાડ સાહોલ રોડ ખાતે આવેલ વેદીક રીસોર્ટમાં લગ્ન પ્રસંગમા આવનાર છે તેવી ચોક્કસ માહીતી મળતા ઝોન ૩ સ્કોડના પોલીસ માણસો માહીતીવાળી જગ્યાએ જઈ વોચ ગોઠવી ઉપરોકત ગુનાના કામે નાસતા ફરતા આરોપીને પકડી પાડી પ્રશંસનિય કામગીરી કરેલ છે.